જીશીસ/કચ્છ/મકમ-૦૪/ખાનગી શાળા /પોદાર ઇન્ટરનેશનલ /ગાંધીધામ /મંજૂરી/૬૨૨૩ /૨૦૧૭

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા પંચાયત, શિક્ષણશાખા,
કચ્છ-ભુજ.તા. ૩૦ /૦૩/૨૦૧૭

પ્રતિ શ્રી,
સંચાલક શ્રી / પ્રમુખ શ્રી,
પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ,
સર્વે ન.૩૦૩/૦૧,ગાંધીધામ-મુન્દ્રા રોડ,
ગાંધીધામ-૩૭૦૨૦૫

વિષય :- ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા અંગે .

જયભારત સાથે ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તમારી સંસ્થા દ્વારા " પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ-ગાંધીધામ ,તા.ગાંધીધામ-કચ્છ"શાળાની માન્યતા માટે કરેલ અરજીના સંદર્ભે કરવામાં આવેલ ચકાસણી અને પત્રવ્યવહારના સંદર્ભે આપના દ્વારા જુન-૨૦૧૭થી શરૂ કરવામાં આવનાર શાળાને ધોરણ-૦૧ થી ધોરણ -૦૮ સુધીની પ્રાથમિક વિભાગની અંગ્રેજી માધ્યમ ની મંજૂરી નીચેની શરતોનું પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શરતો :-

(૧) પ્રવેશ આપતી વખતે શાળા સંચાલન મંડળ દ્વારા કોઈ પણ પ્રકારની કેપીટેશન ફી,ડોનેશન ,કે ડીપોઝીટ લઇ શકાશે નહી કે વિદ્યાર્થી અથવા વાલીઓના ઇન્ટરવ્યું લઇ શકાશે નહી .
(૨) શાળા કોઈ બાળકને ઉમરના પુરાવાના અભાવે પ્રવેશ માટે ના પાડી શકશે નહી.ધર્મ,જાતિ, જ્ઞાતિ, જન્મ સ્થળ કે તેમાના કોઈ પણ એક કારણોસર પ્રવેશ આપવાની ના પાડી શકાશે નહી.
(૩) શાળાએ ખાતરી આપવી પડશે કે શાળામાં દાખલ થયેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પૂરું થાય ત્યાં સુધી કોઈ એક વર્ગમાં રોકી શકશે નહી,કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢી શકાશે નહી.
(૪) કોઈ પણ બાળકને શારીરિક શિક્ષા કરી શકાશે નહી કે માનસિક ત્રાસ આપી શકાશે નહી.
(૫) પ્રાથમિક શિક્ષણ પૂરું થાય ત્યાં સુધી કોઈપણ બાળક કોઈ બોર્ડની પરિક્ષા આપી શકશે નહી.
(૬) પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
(૭) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ -૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણના નિયમો-૧૯૪૯ની જોગવાઈ મુજબ નિયત થયેલ લાયકાત વાળા શિક્ષકો ને જ નિમણુંક આપવાની રહેશે.

(૮) રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા નક્કી કરેલા અભ્યાસક્રમ જ શાળામાં ભણાવવાના રહેશે.

(૯) શાળા પાસે જેટલા વિદ્યાર્થીના સમાવેશની માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિદ્યાર્થીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૧૦) શાળાની અંદર કોઈપણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવી શકાશે નહી.અને તે જ નામ હેઠળ અન્ય જગ્યાએ બીજી શાળા કે અમાન્ય વર્ગો ચલાવી શકાશે નહી.

(૧૧) શાળાના મકાન ,મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફક્ત શિક્ષણ અને કુશળતા વિકસાવવામાં જ કરી શકાશે. સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ -૧૮૬૦ અથવા અન્ય કોઈ પણ કાયદા હેઠળ રચાયેલ મંડળ (સોસાયટી) જ શાળા ચલાવી શકશે.

(૧૨) નફાના હેતુ માટે શાળા ચલાવી શકાશે નહી.

(૧૩) શાળાના વાર્ષિક હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટ પાસે ઓડિટ કરાવીને તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટમેન્ટ સર્ટીફાય કરાવવાના રહેશે.અને તેની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવાની રહેશે.

(૧૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / જિલ્લા શિક્ષણાધિકારી /રાજ્ય સરકાર /સ્થાનિક સંસ્થાઓ દ્વારા વખતો વખત માહિતી માંગવામાં આવે કે ત્રુટીઓ દુર કરવા જણાવવામાં આવે તો તેવી તમામ માહિતી પુરી પડવાની રહેશે. અને ત્રુટીઓ દુર કરવાની રહેશે.

(૧૫) R.T.E.-2009 અને R.T.E.-2012 ના તમામ નિયમો /તમામ જોગવાઈઓ અને શિડ્યુલ એફ ની તમામ જોગવાઈઓ નું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત શરતોનું પાલન નહી કરવામાં આવે તો શાળાની માન્યતા રદ્દ કરવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
કચ્છ-ભુજ

<u>નકલ રવાના :-</u>

(૧) નિયામક શ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ , બ્લોક ન.૧૨-ગાંધીનગર

(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી,-ગાંધીધામ

કચેરી રેકર્ડ ઉપર નોંધ થવા તથા જિલ્લા કેળવણી નિરિક્ષક્શ્રી ને જાણ થવા

(3) જિલ્લા કેળવણી નિરિક્ષક્ શ્રી (મારફતે ;- તાલુકા કેળવણી નિરિક્ષક્ શ્રી )

ઉપરોક્ત વિગતે નવી શાળા શરૂ થયાની ખરાઈ કરી નિયમોનું પાલન થાય તે બાબતે ખરાઈ કરી અહેવાલ પાઠવવા વિનંતી છે.

DEC/Kutch/MKM-04/Private School/Podar International / Gandhidham /Approval/1821-23/2017

Office of District Primary Education Officer
District Panchayat Education Office
Kutch – Bhuj Date: 30/03/2017

NOTARY ANIL S. NATHANI REGD.No. 8637/2011 Expires Dt. 12-9-2021 ADIPUR-KUTCH(GUJ.) GOVERNMENT OF INDIA

To
The Director,
Survey No. 303/1, Gandhidham – Mundra Road,
Shinay, Gandhidham - 370205

Subject – Regarding grant of recognition to Private Primary School.

With regard to above subject, your institution Podar International School, Gandhidham, Kutch run by trust, the application for school recognition by your organization, is to inform regarding the verification and correspondence, you will start the classes from standard 1 to standard 8 from June 2017 in English medium. The approval is granted for standard 1 to standard 8 is given to the compliance of the following conditions.

Terms: -

1. There are no fees or donations from the school management / board while giving admission. No deposit can be charged and no interview of the children or parents can be taken.
2. Can't refuse a child for admission just due to age proof of age. Can't refuse admission based on religion, clan, caste, birthplace or any one of its reasons.
3. The school will have to ensure that any child enrolled in the school is given primary education; the child cannot be stopped in one class or cannot be terminated from the school.

Certified to be TRUE Translation
Form Original GUJARATI into
ENGLISH

ANIL S. NATHANI
NOTARY" Kutch District
ADIPUR Kutch

27 JUN 2017

NOTARY ANIL S. NATHANI REGD.No. 8637/2011 ADIPUR-KUTCH(GUJ.) GOVERNMENT OF INDIA

4. Do not physically punish any child or not to be mentally tortured.

5. No child can give any board exam till the completion of elementary education.

6. School has to issue certificate to each child who completes his primary education.

7. Provision for Mumbai Primary Education Act 1947 and Bombay Primary Education Rules, 1949, the teachers are to be appointed with the prescribed educational qualification as per the provision.

8. Prescribed curriculum by the competent education authority appointed by the State Government will only be taught in the school.

9. The school will have to provide admission to only those students as per the size of the classroom.

10. Invalid classes cannot be run within the school. And the same name cannot be run in another school.

11. School building, grounds or other infrastructure can be used only by developing education and skills. The group can run the same school as the Society Registration Act 1860 or any other law enacted.

12. School will not be able to run for profit.

13. Auditing of the school's annual accounts with the chartered accountant must be done and required statement must be certified and one copy of it must be sent to the competent attorney.

14. District Primary Education Officer / District Education Officer / State Government / Local Organizations Information is sought from

NOTARY ✻ ANIL S. NATHANI ✻ REGD.NO. 8637/2011 Expires Dt. 12-9-2021 ADIPUR-KUTCH(GUJ) GOVERNMENT OF INDIA

Certified to be TRUE Translation Form Original GUJARATI into ENGLISH

ANIL S. NATHANI
"NOTARY" Kutch District
ADIPUR Kutch
27 JUN 2017

time to time, or information is sought to be removed, then all of its information must be provided and the errors must be removed.

15. To comply with all the provisions of RTE-2009 and RTE-2012. School's recognition will be terminated if any of above rules won't be followed.

Sd/-

District Primary Education Officer

Kutch – Bhuj

Copy to :

[1] Director, Primary Education Section, Block-12, Gandhinagar.

[2] District Primary Educational Officer, Gandhidham

Note to the office recored or Inform the District Educational Inspector.

[3] Inform the District Educational Inspector ( through District Education Inspector) Verification of the new school started and the rules are followed to confirm the request to send a report.

NOTARY ANIL S. NATHANI ADIPUR-KUTCH (GUJ.) REGD.No. 8637/2011 Expires Dt. 12-9-2021 GOVERNMENT OF INDIA

Certified to be TRUE Translation Form Original GUJARATI into ENGLISH

ANIL S. NATHANI
NOTARY" Kutch District
ADIPUR 27 JUN 2017